# Surat Municipal Corporation

## e-Magazine

Issue 46
April 7, 2006


### બ્રીજ સેલ ખાતા મારફત ભાવિ આયોજન રૂપે હાથ ધરવામાં આવનાર અડાજણ, ગુજરાત ગેસ સર્કલ ખાતે તથા સુરત–ડુમસ રોડ પર પારલે પોઈન્ટ જંકશન ઉપર સૂચિત ફલાય ઓવર બ્રીજના કામોનું નિર્દેશન

બ્રીજ સેલ ખાતા મારફત ભાવિ આયોજન રૂપે હાથ ધરવામાં આવનાર અડાજણ, ગુજરાત ગેસ સર્કલ ખાતે તથા સુરત–ડુમસ રોડ પર પારલે પોઈન્ટ જંકશન ઉપર સૂચિત ફલાય ઓવર બ્રીજના કામોનું નિર્દેશન તા. ૨૯–૦૩–૨૦૦૬નાં રોજ મેયરશ્રી, ચેરમેનશ્રી, સ્થાયી સમિતિ તથા અન્ય ઉચ્ચ પદાધિકારીશ્રીઓ તેમજ કમિશનરશ્રી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓની હાજરીમાં આ કામના નિયુકત કન્સલ્ટન્ટસ ધ્વારા કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>



### તા. ૩૧–૩–૨૦૦૬ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં અંદાજીત રૂા. ૬૫ કરોડના ખર્ચે સાકારિત થનાર તાપી નદી પર ડભોલી–જહાંગીરપુરાને જોડતા પુલની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં અંદાજીત રૂા. ૬૫ કરોડના ખર્ચે સાકારિત થનાર તાપી નદી પર ડભોલી–જહાંગીરપુરાને જોડતા પુલની ખાતમુહૂર્તવિધિ તા. ૩૧–૩–૨૦૦૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી આઈ. કે. જાડેજાના વરદહસ્તે તથા મેયર ડો. કનુભાઈ માવાણીના પ્રમુખપદે સંપન્ન થઈ હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

### ભારત સરકારના આદેશ મુજબ બાળલકવા નાબુદીના ધ્યેયને હાંસલ કરવા માટે તાઃ૦૯/૦૪/૨૦૦૬ થી તાઃ૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન



ભારત સરકારના આદેશ મુજબ બાળલકવા નાબુદીના ધ્યેયને હાંસલ કરવા માટે તાઃ૦૯/૦૪/૨૦૦૬ થી તાઃ૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે.કાર્યક્રમનાં સુવ્યવસ્થિત અમલ માટે તાઃ૦૩/૦૪/૨૦૦૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા નાં સ્થાયી ખંડ ખાતે માનનીય મેયરશ્રી.ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## બ્રીજ સેલ ખાતા મારફત ભાવિ આયોજન રૂપે હાથ ધરવામાં આવનાર અડાજણ, ગુજરાત ગેસ સર્કલ ખાતે તથા સુરત–ડુમસ રોડ પર પારલે પોઈન્ટ જંકશન ઉપર સૂચિત ફલાય ઓવર બ્રીજના કામોનું નિર્દેશન

બ્રીજ સેલ ખાતા મારફત ભાવિ આયોજન રૂપે હાથ ધરવામાં આવનાર અડાજણ, ગુજરાત ગેસ સર્કલ ખાતે તથા સુરત–ડુમસ રોડ પર પારલે પોઈન્ટ જંકશન ઉપર સૂચિત ફલાય ઓવર બ્રીજના કામોનું નિર્દેશન તા. ૨૯–૦૩–૨૦૦૬નાં રોજ મેયરશ્રી, ચેરમેનશ્રી, સ્થાયી સમિતિ તથા અન્ય ઉચ્ચ પદાધિકારીશ્રીઓ તેમજ કમિશ્નરશ્રી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓની હાજરીમાં આ કામના નિયુકત કન્સટન્ટસ ધ્વારા કરવામાં આવેલ.

સૌ પ્રથમ ગુજરાત ગેસ સર્કલ, અડાજણ ખાતે ફલાય ઓવર બ્રીજ બનાવવાના કામનું નિર્દેશન કરવામાં આવેલ. જેમાં પ્રથમ વિકલ્પ તરીકે સરદાર પુલ તરફથી ભૂલકા ભવન જંકશન પર થઈ આનંદ મહેલ રોડ સુધી અપ અને ડાઉન ટ્રાફિક માટે અલગ–ર લેન ફલાય ઓવર બ્રીજનું આયોજન વિચારવામાં આવેલ. જેમાં આનંદ મહેલ રોડ પરનો ડાઉન રેમ્પ શ્રીનાથજી આર્કેડ પાસે પૂરો થાય. જયારે સદર રસ્તા પરનાં અપ રેમ્પની શરૂઆત શ્રી રામ પેટ્રોલીયમ પંપ પાસેથી થશે. સૂચિત ફલાય ઓવરની લંબાઈ આશરે ૬૦૦ મીટર તથા અંદાજીત ખર્ચ રૂા. ૧૫.૫૦ કરોડ થશે. જયારે વિકલ્પ–ર તરીકે આનંદ મહેલ રોડ પરથી આ રેમ્પ શરૂ કરવાને બદલે ભૂલકા ભવન પાસેથી શરૂ કરવાનું આયોજન વિચારેલ છે. ઉપરોકત ફલાય ઓવરની આશરે લંબાઈ ૪૫૦ મીટર અને અંદાજીત ખર્ચ રૂા. ૧૨.૫૦ કરોડ થાય એમ છે. વિકલ્પ–૧ મુજબના સૂચિત આયોજનથી ભૂલકા ભવન જંકશન પાસેની ટ્રાફિક સમસ્યા મહદ અંશે ઉકેલાશે. જયારે વિકલ્પ–રના આયોજન મુજબ હજીરા રોડ તરફથી આવતાં વાહનો પણ સૂચિત ફલાય ઓવરનો ઉપયોગ કરી શકશે.

ત્યારબાદ સુરત–ડુમસ રોડ પર પારલે પોઈન્ટ જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાના સૂચિત કામનું નિર્દેશન કરવામાં આવેલ. પ્રથમ વિકલ્પ રૂપે અપ અને ડાઉન લેન મળી કુલ–૪ (ચાર) લેનના અશ્વિન મહેતા પાર્ક જંકશનથી શરૂ કરીને સોમનાથ મહાદેવ સુધીના કુલ–૬ (છ)જંકશનોને આવરી લે તે મુજબનું આયોજન વિચારેલ છે. જેનો અઠવા તરફનો છેડો વી. ટી. ચોકસી લો કોલેજ પાસેથી શરૂ થઈને બીજો છેડો ડુમસ તરફ સરગમ શોપિંગ સેન્ટર પાસે પડે છે. આ ઉપરાંત ઘોડદોડ રોડ ઉપરથી એક અપ રેમ્પનું આયોજન સમાયેલ છે. ઉપરોકત ફલાય ઓવરની કુલ લંબાઈ આશરે ૧૪૦૦ મીટર અને અંદાજીત ખર્ચ રૂા. ૩૨.૫૦ કરોડ થાય એમ છે. જયારે બીજા વિકલ્પ રૂપે અંબિકા નિકેતન જંકશનથી શરૂ કરીને સોમનાથ મહાદેવ સુધીના કુલ–૫ (પાંચ) જંકશનોને આવરી લે તે મુજબનું આયોજન વિચારેલ છે. જેનો અઠવા તરફનો છેડો અશ્વિન મહેતા પાર્ક જંકશન (કમિશ્નરશ્રીના બંગલા તરફ જતો રસ્તો) પાસેથી શરૂ થઈને ડુમસ તરફ સરગમ શોપિંગ સેન્ટર પાસે પડે છે. જેમાં ઘોડદોડ રોડ ઉપરના અપ રેમ્પનું આયોજન યથાવત રહે છે. ઉપરોકત ફલાય ઓવરની લંબાઈ આશરે ૧૧૦૦ મીટર અને અંદાજીત ખર્ચ રૂા. ૨૭.૫૦ કરોડ થાય એમ છે. ઉપરોકત બંને વિકલ્પો માટે સીટી લાઈટ રોડ પર ડાઉન રેમ્પના આયોજનની વિચારણા કરેલ છે. જો કે આ કામે હજી અન્ય વિકલ્પ તૈયાર કરવા કન્સલટન્ટને જણાવેલ છે.

ઉપરોકત બન્ને કામે ટૂંક સમયમાં નિર્ણય લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

TOP

## તા. ૩૧–૩–૨૦૦૬ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં અંદાજીત રૂા. ૬૫ કરોડના ખર્ચે સાકારિત થનાર તાપી નદી પર ડભોલી–જહાંગીરપુરાને જોડતા પુલની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં અંદાજીત રૂા. ૬૫ કરોડના ખર્ચે સાકારિત થનાર તાપી નદી પર ડભોલી–જહાંગીરપુરાને જોડતા પુલની ખાતમુહૂર્તવિધિ તા. ૩૧–૩–૨૦૦૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી આઈ. કે. જાડેજાના વરદહસ્તે તથા મેયર ડો. કનુભાઈ માવાણીના પ્રમુખપદે સંપન્ન થઈ હતી.



ખાતમુહૂર્તવિધિ સંપન્નકર્તા એવા ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી આઈ. કે. જાડેજાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ અનેકવિધ ઉપયોગી ડભોલી જહાંગીરપુરાને જોડતા પુલના નિર્માણ કાર્યનો શુભારંભ કરેલ છે. આ કાર્ય ગુણવતાસભર અને ઝડપથી પૂર્ણ થાય તેવી સુરત મહાનગરપાલિકાને શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના શહેરોનો ધબકતા થાય અને તેમનો સમતોલ વિકાસ થાય તે માટે મા. મુખ્યમંત્રીશ્રીએ સને ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું ઘોષિત કરેલ. તા.૩૧–૩–૨૦૦૬ના રોજ શહેરી વિકાસ વર્ષનો અંત થાય છે. પરંતુ પુલ જેવા મોટા કામનો શુભારંભ થઈ રહેલ છે. શહેરોના વિકાસ માટેનો પર્યાય ફકત આર્થિક બાબતો નથી. શહેરી વિકાસ વર્ષમાં અંદાજીત ૭૦૦ કરોડના ખર્ચે ૭૦૦૦ થી વધારે કામો જનતા માટે કરેલ છે. શહેર વિકાસ વર્ષ દરમ્યાન ૫૦ કરોડ જેટલા કામો પ્રજા તરફથી અને જનભાગીદારીથી કરવામાં આવેલ છે. આજ રીતે પ્રજા પોતાનું કામ સમજે તો શહેર સ્વચ્છ અને હરિયાળું બનશે. કેન્દ્ર સરકારે એનયુઆરએમની ઘોષણા કરી, તે અંતર્ગત ૧ લાખ કરોડના વિકાસ કામોની યોજના આયોજન પંચે સૂચવી છે. કેન્દ્ર સરકારની સહાય સાથે ૫૦% થી વધુ રકમ રાજય સરકાર, મહાનગરપાલિકા, કેન્દ્ર સરકારે એનયુઆરએમ હેઠળ આંધ્રપ્રદેશને અંદાજતી રૂા. ૧૦૦૦ કરોડ ફાળવ્યા છે. જયારે ગુજરાતને ફકત રૂા.૧૬૮.૬૦ કરોડ ગુજરાતને ફાળવેલ છે. જે પૈકી સુરત શહેરના વિકાસ કામો માટે ફકત રૂા. ૩૫ થી ૪૦ કરોડની ફાળવણી કરી છે. ગુજરાતને અન્યાય થાયો છે. આ બાબતે રાજય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને જાણ કરવામાં આવશે. શહેરી વિકાસ વર્ષમાં લોકોના સહયોગથી આખા ગુજરાતમાં સવા લાખ જેટલા દબાણો દૂર કર્યા છે. વિકાસના દબાણો, વેરા વસૂલાત, લોક સહયોગ, ઈ–ગર્વન્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, રીફોર્મ્સ જેવા કાર્યો કરેલ છે. ભારત સરકારે સાબરમતીના રીવરફ્રન્ટના પ્રોજેકટ માટે ગુજરાત સરકારને બેસ્ટ આર્કીટેકટનો એવોર્ડ આપવામાં આવેલ છે. સાબરમતી રીવર ફ્રન્ટ પછી, તાપી રીવર ફ્રન્ટ બનાવવા માટે સુરત મહાનગરપાલિકાને આ કાર્યની શરૂઆત કરવા ગુજરાત સરકાર તન મન ધનથી સહયોગ આપશે. આ બાબતે જમીન, નાણાંકીય સહાય અંગે શકય એટલો સુરત મહાનગરપાલિકાને સહકાર આપશે. મા. મુખ્યમંત્રીશ્રીએ સુરત મહાનગરપાલિકાના વહીવટ માટે નવલોહિયા શાસકો આપેલ છે. આ માટે પદાધિકારીશ્રીઓ પક્ષીય રાજકરાણથી પર રહી સુરત મહાનગરપાલિકાના વિકાસમાં સહયોગ આપશે.

અમદાવાદ શહેરને ખુબ સુરત બનાવવા માટે અમદાવાદના ચંડોળા તળાવ અને વસ્ત્રાપુર તળાવ પરથી રાજય સરકારના સહયોગથી તળાવો પરથી દબાણો દૂર કરાવી નયનરમ્ય તળાવ બનાવેલ છે. તેજ રીતે સુરત મહાનગરપાલિકા ગોપી તળાવને નયનરમ્ય અને પ્રવાસન સ્થળ તરીકે વિકસીત કરવા માંગતુ હશે તો અમદાવાદની જેમ સુરતને પણ રાજય સરકાર શકય તેટલી મદદ કરશે. શહેરને અડીને આવેલા વિસ્તારો અને ગામડાઓનો વિકાસ થાય તે માટે મહાનગરપાલિકામાં આવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતમાં એક સરખા ધોરણે બાંધકામો થાય તે માટે ગુજરાત સરકારે સિવીલ એન્જીનીંયર્સ પરફોમન્સ રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવ્યું છે. દેશની અંદર ગુજરાત જ પહેલું રાજય છે. કે જેણે આ વિધેયક પસાર કરેલ છે. એન્જીનીયર્સનું રજીસ્ટ્રેશન કાઉન્શીલ કરશે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ધ્વારા ટાઉનશીપનો વિકાસ કરવાનો ધ્યેય છે.

મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે સુરત શહેરની વણથંભી વિકાસગાથામાં તાપી નદી પર નવા પુલનું ખાતમુહૂર્તનું નવું મોરપીંછ ઉમેરાયું છે. આ શહેર એ વિશ્વનું ઔધોગિક હબ છે. તેના થકી વૈશ્વિક ધોરણની સેવાઓ જેવી કે રસ્તા, ગટર, લાઈટ, પાણીની પૂરતી સગવડો હશે તો વૈશ્વિક ધોરણનું શહેર બનશે. છેલ્લા દશ વર્ષથી વિકાસની હરણફાળ આગળ વધી રહી છે. વિશ્વનું નંબર વન શહેર બને તે માટે શાસકોનો સંકલ્પ છે. મુખ્યમંત્રી, શહેર વિકાસ મંત્રીને સુરત મહાનગરપાલિકાને વિશ્વ સ્તરે લઈ જવું છે. તાપી રીવર ફ્રન્ટ બનાવવા સંકલ્પ દોહરાવેલ છે. સુરત શહેરમાં તમામ રોજગાર ધંધાનો વિકાસ શકય છે. આંતર માળખાકીય જોગવાઈની જરૂર છે. ગુજરાત સરકાર કેન્દ્ર સરકારની યોજનાઓમાં ફાળો મળી રહયો છે. સુરત શહેર નંબર વન બનશે અને રહેશે.

કમિશનરશ્રી પંકજ જોષીએ ઉપસ્થિત મહાનુભાવો અને પ્રજાજનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા શહેરને માળખાકીય તમામ પ્રકારની સુવિધાઓ શહેરી જનોને પૂરી પાડી વૈશ્વીક ધારાધોરણવાળું વૈશ્વીક કક્ષાનું શહેર બનવા તરફ આગળ વધી રહયું છે.

સુરત શહેર ટ્રાફિકની ગીચતાના કારણો થતાં વિલંબ અને સામુહિક પરિવહનની સિમિત વ્યવસ્થાના કારણે અનુભવાતી અગવડોની સમસ્યાનો સામનો કરી રહયું છે. ત્યારે સુરત મહાનગરપાલિકાએ સમયની માંગ સાથે નવા નવા પુલો, ફલાયઓવર બ્રીજ, રેલવે ઓવરબ્રીજ, અંડરબ્રીજ તથા સબવે રોડ બનાવેલ છે. તેમજ આગામી સમયમાં બનાવવાના આયોજનો કરેલ છે. તેટલેથી અટકી ન જતાં સામુહિક પરિવહનની દિશામાં સારો અને ઝડપી યોગ્ય વિકલ્પ નજીકના ભવિષ્યમાં પૂરો પાડવાની દિશામાં પણ કાર્યશીલ છે.

આજરોજ મા. મંત્રીશ્રીના વરદહસ્તે અંદાજીત રૂા. ૬૫ કરોડના ખર્ચે તૈયાર થનાર ડભોલી–જહાંગીરપુરાને જોડતા પુલની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ છે. સુરત શહેરનો થઈ રહેલ ઝડપી વિકાસ તથા તાપી નદી કિનારે વસેલ હોવાથી શહેરનો નદીનાં બંને કાંઠેનો વિકાસ સમતોલ રીતે થાય તે હેતુથી તાપી નદીના એક કિનારે વેડ–ડભોલી–કતારગામ–અમરોલી વિસ્તાર તથા બીજા કિનારે રાંદેર–જહાંગીરપુરા–પીસાદ વિસ્તારને જોડતા પુલ બનાવવાનું આયોજન કરેલ છે. અત્યાર સુધીમાં ૬૦૦ મી. રીવર સ્પાનના પુલો બનેલ છે. આ પુલની કુલ લંબાઈ ૧૯૯૪ મીટર જેટલી છે. જેમાં રીવર સ્પાન ૧૧૮૦ મીટર, જહાંગીરપુરા છેડેથી શહેર ૨૯૪ મીટર લંબાઈ તેમજ જકાતનાકા તરફ ૪૨૨ મીટર એપ્રોચ અને ડભોલી છેડે ૯૮ મીટર એપ્રોચ આપવામાં આવનાર છે. આ પુલની બંને તરફ ૨ મીટર પહોળાઈની ફૂટપાથ પણ બનાવવામાં આવનાર છે. ગુજરાત સરકારે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરી હતી. સુરત મહાનગરપાલિકાએ પ્રજાના સહયોગથી શહેરી વિકાસ ૨૦૦૫ની ઉજવણી ઉત્સાહભેર કરી છે. શહેરી વિકાસ વર્ષ ઉજવણીના અંતિમ દિવસે સૌથી મોટા પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. ટુંક સમયમાં અમરોલી પુલ ખાતે બે લેનનું વિસ્તરણ કરવાનું આયોજન છે.

ડભોલી જહાંગીરપુરા પુલ ચાર લેનનો બનાવવામાં આવશે. જે અંદાજીત ૩૦ માસના ગાળામાં તૈયાર થશે. સુરત મહાનગરપાલિકાએ અત્યાર સુધીમાં તાપી નદી પર ૫ (પાંચ) જેટલા પુલો બનાવેલ છે. તેમજ ટૂંક સમયમાં અઠવાલાઈન્સ પાંચ પાંડવ બંગલાથી અડાજણને જોડતો કેબલ સ્ટેઈડ પ્રકારનો પુલ બનાવવાનું આયોજન છે. જેની પાછળ અંદાજીત રૂા. ૬૫ કરોડ જેટલો ખર્ચ થશે.

આ તબકકે તેમણે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાયેલ પૂલો, ફલાય ઓવર અંગેના અન્ય નાના મોટા કામો જેવા કે મજૂરાગેટ મલ્ટી લેયર ફલાય ઓવર, ડીંડોલી રેલ્વે ઓવરબ્રીજ, ગુજરાત ગેસ સર્કલનો ફલાય ઓવર વિગેરેનો પણ ઉલ્લેખ કરેલ.

સુરત મહાનગરપાલિકા ધ્વારા આ પુલનું કામ પૂર્ણ થયેથી સુરત શહેરને વધુ એક ચાર લેનનો પુલ ઉપલબ્ધ થશે તેના થકી શહેરના નાગરિકો ખાસ કરીને રાંદેર–અડાજણ વિસ્તારનો ટ્રાફિક ડભોલી–વેડ–કતારગામ થઈ અમરોલી પુલ થઈ નેશનલ હાઈવે તરફ જઈ શકશે. જેનાથી અંદાજે ૪૦ ચો.મી.નો વિસ્તાર અને લગભગ ૭ લાખની વસ્તી લાભાન્વિત થશે. આમ શહેરના પૂર્વ અને પશ્ચિમનું અંતર નોંધપાત્ર રીતે ઘટી શકશે. ટ્રાફિકના ભારણમાં ઘટાડો થવાથી પ્રદૂષણની માત્રામાં પણ ઘટાડો થશે તેવી આશા સાથે સાથે સુરત મહાનગરપાલિકા નાગરીકોને વૈશ્વીક ધોરણોની નાગરીક સુવિધા પૂરી પાડવા હરહંમેશ કટિબધ્ધ છે. અને રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મુખ્ય મહેમાન અને ગુજરાત રાજયના પાણી પુરવઠા ખાતાના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમના વ્યકત્વમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ આ પુલનું ખાતમુહૂર્ત કરી વેગવંતું કાર્ય કર્યુ છે.સુરતમાં પ્લેગ આવ્યા પછી એકબીજાના સહકારથી ગંદુ ગોબરું સુરત શહેર આધુનિક બન્યું છે. દેશવિદેશના પ્રતિનિધિઓએ પણ સુરત શહેરની મુલાકાત લઈ પ્રભાવિત થયા છે. સરકાર પર આર્થિક ભારણ ઓછું કરવા તાપી નદી પર બનાવવામાં આવનાર બ્રીજ ૬૫ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકા પોતાના ખર્ચે તૈયાર કરશે. જેથી સરકારને ભાર ઓછો આવે છે. સુરત મહાનગરપાલિકાએ ૫ પુલો તૈયાર કરાવેલ છે અને ૪ પુલોનું આયોજન છે. અમદાવાદ મહાનગરપાલિકાએ રીવર ફ્રન્ટ બનાવવાનું આયોજન કરેલ છે. તેજ પ્રમાણે સુરત મહાનગરપાલિકાએ પણ રીવર ફ્રન્ટ બનાવવાનું આયોજન કરવાનું વિચારેલ છે. જે કામ સરકારના સહયોગ વિના શકય નથી. સુરત શહેરમાંથી પસાર થતી કેનાલોનું લાઈનીંગ કામ કરવામાં આવશે જે કામગીરીમાં ૫૦% સહયોગ સરકાર આપશે. ગોપી તળાવનો પણ વિકાસ કરવો જોઈએ. તેમજ તેની આજુબાજુના દબાણો દૂર કરવા જોઈએ.

પૂર્વ ગ્રામીણ વિકાસ મંત્રી તેમજ સાંસદ શ્રી કાશીરામભાઈ રાણાએ પોતાના વ્યકત્યમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકાએ ૬૫ કરોડના ખર્ચે ઐતિહાસિક પુલનું ખાતમુહૂર્ત આજરોજ સપંન્ન કરેલ છે. જે મહાનગરપાલિકાની વિકાસગાથામાં નવું પીછું ઉમેર્યુ છે. જેની પ્રતિતિ શહેરીજનોને કરાવી છે. તેમજ શહેરની વધતી વસ્તી વધતા વાહનો,ઝડપી ઔધોગિકરણને કારણે ટ્રાફિક સમસ્યા વધી રહી છે. મહાનગરપાલિકાની વિકાસયાત્રા એકપક્ષી નહી પરંતુ સમાજના તમામ વર્ગોને સમતોલ લાભ મળી રહયો

છે. જેથી સુરત શહેરના વિકાસને લીધે સુરતની ગણના આખા દેશમાં ખૂબસુરત શહેર તરીકે થવા લાગી છે. શહેરની પ્રતિષ્ઠા વધે તેમજ શહેરને હજુ વધુ સુંદર બનાવવા માટે ઘણાં કામો કરવાના બાકી છે. આંતર માળખાકીય સવલતમાં ટ્રાન્સપોર્ટેશન અગત્યનું પરિબળ છે. ટૂંક સમયમાં સુરત મહાનગરપાલિકા શહેરી બસ સેવા શરૂ કરવા જઈ રહી છે. પૂલો, ફલાય ઓવર બ્રીજ સિવાય અન્ય કામો પણ કરવાના બાકી છે. વૈશ્વિક કક્ષાનું શહેર બનાવવા માટે ઝડપી ઔધોગિકરણને કારણે ઉદ્યોગ ધંધા વધ્યા છે. પરિણામે સુરત મહાનગરપાલિકાની આવક વધવા પામી છે. તેથી વિકાસના કામો શકય બન્યા છે. કેન્દ્ર સરકારે એનયુઆરએમની યોજના મૂકી છે. શહેર વિકાસ માટે સરકારે નવી દિશા ચીંધી છે. લોકો ધ્વારા ચૂંટાઈને આવ્યા બાદ પદાધિકારીશ્રીઓ શહેરીજનોને સેવાઓ આપવા પ્રયત્નશીલ છે. શહેરને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવા માટે મહાનગરપાલિકાએ વિકાસની આગેકૂચ જારી રાખવાની છે.  શહેરી વિસ્તારમાં નવો વિસ્તારનો સમાવેશ થતાં તેમની  જરૂરીયાતો સંતોષવા માટે પણ પ્રયત્ન કરવાના છે. આંતર માળખાકીય સુવિધા જેવી કે મેટ્રો રેલ્વે શરું કરવામાં આવશે.

ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ સમારંભના ઉદઘાટક તેમજ મુખ્ય મહેમાનોએ અત્રે ઉપસ્થિત રહી મહાનગરપાલિકાના પદાધિકારીઓને પ્રોત્સાહીત કરવા બદલ આભારની લાગણી વ્યકત કરી જણાવ્યું હતું કે ૩ માસમાં ૧૫ જેટલા પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, નગરજનો તેમજ મહાનુભાવો  ઉપસ્થિત રહયા હતા.

TOP

## ભારત સરકારના આદેશ મુજબ બાળલકવા નાબુદીના ધ્યેયને હાંસલ કરવા માટે તાઃ૦૯/૦૪/૨૦૦૬ થી તાઃ૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન

ભારત સરકારના આદેશ મુજબ બાળલકવા નાબુદીના ધ્યેયને હાંસલ કરવા માટે તાઃ૦૯/૦૪/૨૦૦૬ થી તાઃ૧૨/૦૪/૨૦૦૬ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે.કાર્યક્રમનાં સુવ્યવસ્થિત અમલ માટે તાઃ૦૩/૦૪/૨૦૦૬ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા નાં સ્થાયી ખંડ ખાતે માનનીય મેયરશ્રી.ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી.જેમાં ડે.મેયરશ્રી.ડો.સુષ્માબેન અગ્રવાલ,વિરોધ પક્ષના નેતાશ્રી.યોગેશભાઈ કાપડીયા,આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો.જગદીશભાઈ પટેલ,ૠગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન રાણા, મ્યુ.કમિશ્નરશ્રી.પંકજ જોષી,ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલ,ડે.કમિશ્નરશ્રી(પી.એન્ડઆઈ.) શ્રી.સી.જે.ગામીત, આરોગ્ય અધિકારીશ્રી.ડો.હેમંત દેસાઈ,સર્વેલન્સ મેડીકલ ઓફીસર ડો.અનીશ સિંહા,ઈ.ચા.ડીનશ્રી (સ્મીમેર)ઈ.ચા.મેડીકલ_પ્રી.(સ્મીમેર),એસો.પ્રોફેસરશ્રી,સ્મીમેર(પી.એસ.એમ.)આર.એમ.ઓ.શ્રી.નવી સિવીલ હોસ્પિટલ, ન.પ્રા.શિક્ષણ સમિતીના ઉપ શાસનાધિકારીશ્રી.,પ્રેસીડન્ટ લાયન્સ કલબ,આસી.મેનેજર બી.એસ.એન.એલ.,સુમુલ ડેરીનાં પ્રતિનીધી તથા નાયબ/આસી.આરોગ્ય અધિકારી (તમામ) સી.ડી.પી.ઓ.(ઘટક–૧,૨) વિ.હાજર રહયા હતા.



પ્રારંભે ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલે તેમના આવકાર પ્રવચનમાં કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી તથા આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ.તેઓશ્રી એ જણાવ્યુ હતુ કે,બુથ ડે ના રોજ દરેક ટીમમાં ચાર કર્મચારીઓ રાખવા અધિક નિયામકશ્રી(પ.ક.)આરોગ્ય અને તબીબી સેવાઓ ગાંધીનગર,તરફથી સુચના મળી છે પરંતુ પરીક્ષા / વેકેશનના કારણે સ્ટુડન્ટ/શિક્ષકો કાર્યક્રમમાં સામેલ થઈ શકતા નથી જેથી શહેરની જુદી જુદી સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. બુથ ડે નાં દિવસે વધુ કવરેજ થાય તે માટે જે તે વિસ્તારનાં મ્યુ.સદસ્યશ્રીઓ/કાર્યકરોને પોતાનાં વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેવી ઈચ્છા વ્યકત કરી હતી.સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી તમામ આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત, બીલ બોર્ડ, બેનર, પ્રચાર પત્રિકા, કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત, સિનેમા / સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર કામગીરી કરવામાં આવે છે.

આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈએ જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમ માટે ૧૭૬૫ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમના દિવસો દરમ્યાન દિવસ તથા રાત્રી દરમ્યાન  તથા મ્યુ.જકાત નાકા,બસ સ્ટેશન ઉપર દિવસ દરમ્યાન રસીકરણ બુથની વ્યવસ્થા કરવામાં આવી છે તથા શૉપીંગ સેન્ટર, બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરેરી વસાહતો,માર્કેટ વિગેરે સ્થળો એ મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે. કાર્યક્રમનાં પ્રચાર–પ્રસાર થાય તે માટે પ્રચાર વાહનો, રીક્ષા, ડોર ટુ ડોર ગાર્બેજના વાહનો તથા મહાનગરપાલિકાના સફાઈ કામદારો પોતાના વિસ્તારમાં પોલીયોની રસી પીવડાવવા બાબતે પ્રચાર પત્રિકાનું વિતરણ કરશે. શહેરની શાળાઓ માં આ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેલન્સ મેડીકલ ઓફીસરશ્રી.ડો.અનીશ સિંહાએ સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી અને સ્લમ વિસ્તાર તથા નવા બાંધકામ નાં સ્થળો એ વધુ ધ્યાન આપવા  તથા ટેલીફોન, મોબાઈલ્સ પર કાર્યક્રમ સબંધી મેસેજ આપવા સુચન કર્યુ હતું.

મ્યુ.કમિશનરશ્રી,પંકજ જોષીએ,મહાનગરપાલિકા તરફથી અત્યાર સુધીનાં કાર્યક્રમ દરમ્યાન પ્રસંશનીય કામગીરી બજાવવા બદલ કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામને અભિનંદન આપ્યા હતાં. શહેરમાં બહારથી રોજગાર અર્થે આવતા નાગરિકોનું પ્રમાણ વધુ હોય, કોઈ બાળક પોલીયોની રસીથી વંચીત રહી ન જાય તે માટે વધુ સક્રિય તથા સઘન કામગીરી કરવા, શહેરનાં બોર્ડર વિસ્તારમાં જીલ્લા પંચાયતનાં સંકલનમાં રહી કામગીરી કરવા તથા ભવિષ્યમાં પોલીયોનો કેસ ન થાય તે અંગે તકેદારી રાખવા, કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર વધુ થાય તે માટે આઈ.ઈ.સી એકટીવીટી સઘન બનાવવા જણાવ્યુ હતુ. શહેરી વિસ્તારમાં તમામ પદાધિકારીશ્રીઓ, સદસ્યશ્રીઓ, એન.જી.ઓ., પ્રચાર માધ્યમ સાથે સંકળાયેલ પ્રતિનિધીઓ તથા નાગરીકોને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો.જગદીશભાઈ પટેલે જુદી જુદી ચેનલો ઉપર કાર્યક્રમ સબંધી ટોક શો ગોઠવવા તથા આ દિવસો દરમ્યાન થતાં વિવિધ કાર્યક્રમોમાં પલ્સ પોલીયો કાર્યક્રમ સબંધી એનાઉન્સમેન્ટ કરવા સુચન કર્યુ હતું.

માન.મેયરશ્રી.ડો.કનુભાઈ માવાણીએ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીના બધા કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા દ્વારા સફળતાપૂર્વક પારપાડવા બદલ સુરત મહાનગર પાલિકાની કામગીરીને બીરદાવી કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને અભિનંદન આપ્યા હતા. શહેરની સેવાભાવી સંસ્થાઓ,સીનીયર સીટીઝનનાં મંડળો તથા નિવૃત શિક્ષકોને કાર્યક્રમમાં સામેલ કરવા સુચન કર્યુ હતું તથા આગામી કાર્યક્રમમાં કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામને સહભાગી થઈ સહકાર આપવા અપીલ કરી " પોલીયો મુકત " ભારતના સ્વપ્નને સાકાર કરવા જણાવ્યું હતુ.

ડે.મેયરશ્રી.ડો.સુષ્માબેન અગ્રવાલ,ઋગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન રાણા તથા હાજર રહેલ એન.જી.ઓ.શ્રી ઓ એ પ્રસંગને અનુરૂપ સુચનો કર્યા હતાં.કાર્યક્રમને અંતે નાયબ આરોગ્ય અધિકારી ડો.વી.વી.પરમારે આભાર વિધી તથા તમામ નાગરીકોને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી કરી હતી.

TOP